'૬૯' મા વન મહોત્સવને સફળ બનાવવા
ક્ષેત્રિય કચેરીઓએ કરવાની કાર્યવાહી બાબત

કમિશ્નર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૯ JUL 2018
આ.નં.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ક્રમાંક: પરચ-૨૦૧૮-૯૩૫-ફ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧/૦૭/૨૦૧૮

પરિપત્ર:

રાજ્યમાં '૬૯'માં વન મહોત્સવની ઉજવણી બાબતના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના તા.૦૨/૦૭/૨૦૧૮ના પત્ર ક્રમાંક: સાવચો/વનમ/ટે.૫/અ/૯૩૬/૨૦૧૮૧૯ માં જણાવ્યા અનુસાર આગામી '૬૯'મા વન મહોત્સવ અન્વયે જિલ્લા કક્ષાની ઉજવણી તા.૨૯/૦૭/૨૦૧૮ ના રોજ તમામ જીલ્લાઓમાં એક સાથે માનનીય પ્રભારી મંત્રીશ્રી/પદાધિકારીઓ/પ્રભારી સચિવશ્રીઓ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ વન મહોત્સવ સફળ બનાવવા દરેક વિભાગ સક્રિય ભાગીદાર બને તે જરૂરી છે. જે અન્વયે શિક્ષણ વિભાગ હેઠળની તમામ ખાતાના વડાની કચેરીઓ દ્વારા નીચે મુજબના પગલા લેવા આથી જણાવવામાં આવે છે.

- તમામ શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં વૃક્ષ વાવેતર અને જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવા તેમજ વન મહોત્સવના કાર્યક્રમ સુધીમાં વિદ્યાર્થીઓમાં વૃક્ષ ઉછેર અને જાળવણી પરત્વે જાગૃતિ કેળવાય તેવા અન્ય કાર્યક્રમો હાથ ધરવા. આ સંબંધે આ વિભાગને સંલગ્ન તમામ સ્વાયત્ત સંસ્થાઓએ પણ વૃક્ષારોપણ કરીને તે વૃક્ષોની સતત જાળવણી કરવી.
- રાજ્યની તમામ શાળા/કોલેજમાં જ્યાં કમ્પાઉન્ડ વૉલ છે ત્યાં વૃક્ષારોપણના કાર્યક્રમનું રાજ્ય કક્ષાના વન મહોત્સવ પછીથી આયોજન કરવું તથા છોડ-રોપાને ઢોરઢાંખરથી નુકશાન ન થાય તે હેતુથી કમ્પાઉન્ડ ગેઇટ પર કેટલપ્રુફ બેરીયર લગાવવા
- તમામ શાળા/કોલેજના તમામ વિદ્યાર્થીઓને તેમના ઘર આંગણે, ખેતરમાં, વાડીમાં ઓછામાં ઓછા ૨ વૃક્ષ વાવવા પ્રોત્સાહિત કરવા અને સંબંધિત વન વિભાગના સંપર્કમાં રહીને રોપા શાળા દ્વારા વાહતુક કરી શાળા/કોલેજ પરથી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

- શાળા/કોલેજમાં ચાલતી એનએસએસ/એનસીસી અને ઇકોક્લબના વિદ્યાર્થીઓને વન મહોત્સવની ઉજવણી અને બહોળા પ્રમાણમાં રોપા વાવેતર કરાવવું તેમજ તેની સમયાંતરે જાળવણી કરવા જણાવવું.
- શાળા/કોલેજના વિદ્યાર્થીઓને વૃક્ષ વાવેતર અને તેના ઉછેર માટે પ્રોત્સાહીત કરવા.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સુબોધ જોષી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

---

ક્રમાંક /૪૦૦૯૨-૪૦૫૯૦.
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ · ૨૬-૭-૨૦૧૬

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોનગ્રાન્ટેડ,
શાળાઓ તમામ,
બનાસકાંઠા, પાલનપુર.

Scanned with CamScanner